Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

**S.Y.B.Com.- Sem III - *Gujarati medium***

Foundation Course in English : Language Through Literature

Date : 14/09/2017 Roll No.
Time : 08:00 to 10:00 Total Marks: 50

**Instructions:** Figures to the right indicate full marks.
Indicate your options clearly.

1. Answer briefly ***any five*** of the following **:** **(10)**

1. What does Rosemary ask Philip at the end of the story and why?
2. What are the duties of a wife with regard to sick children?
3. Why did Gandhi attempt to become a 'gentleman'?
4. Describe the photographer's studio in your own words.
5. What does 'the inn' symbolize in the poem *Up-hill* ?
6. What does the poet say about knowledge in the poem *Where the Mind is Without Fear*.
7. Describe the enamel box.

**2.a.** Justify the title *A Cup of Tea*. **(13)**

**OR**

**b.** Comment on the comic pathos presented in Leacock's essay *With the Photographer*. **(13)**

**3. a.** What were the attempts that Gandhi made to inculcate the qualities of an English gentlemen and how did these attempts turn out? **(13)**

**OR**

**b.** Discuss in detail the central idea of the poem *Up-hill.* **(13)**

**4. i.** Imagine that you are the sports secretary of your college. Write a report on Sports Day celebration in your college. **(07)**

**OR**

**ii.** Imagine that you are a reporter, interviewing your favourite actor. Prepare a list of questions for the interview along with possible responses. **(07)**

**4.b. Do as directed : (any seven)** **(07)**

1. She sent the girl away. (Use present tense)
2. A list of dishes making up a meal (Give one word for)
3. The waiter placed the cups in/on/at the tables, across/next to/before the plate.
   (Choose the correct preposition from the given option to complete the sentence)
4. Give antonym : Pride
5. Make an adjective of the following : truth
6. ________ beautiful picture needs ________ equally impressive frame.
   (Put an appropriate article in the blank)
7. Next Sunday, my wife and I went out for dinner. (Correct the tense)
8. Give Synonym of : frail

**======== Best of Luck ========**

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

## Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : ઉચ્ચતર નામાપદ્ધતિ – ૨

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૯/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : જરૂરી ગણતરીઓ તમારા જવાબના ભાગરૂપે દર્શાવવી.

૧. (અ) ક્રિષ્ણા કંપની લિ.ના ચોપડામાં શેર જપ્તી ખાતું નીચે મુજબ છે. (૦૩)

ઉધાર શેર જપ્તી ખાતું જમા

| વિગત | રૂપિયા | વિગત | રૂપિયા |
|---|---|---|---|
| શેર મૂડી ખાતે | ૧૨,૦૦૦ | શેર મૂડી ખાતે | ૪૦,૦૦૦ |
| મૂડી અનામત ખાતે | ૨૦,૦૦૦ | | |
| બા.આ. લઈ ગયા | ૮,૦૦૦ | | |
| | ૪૦,૦૦૦ | | ૪૦,૦૦૦ |

દરેક શેરની મૂળ કિંમત રૂ.૧૦૦ હતી અને છેલ્લા હપ્તાના દરેક શેર પર રૂ. ૨૦ ભરપાઈ થયા ન હતા. તેથી આ શેરો જપ્ત કરવામાં આવ્યા અને તેમાંથી અમુક શેરો ફરીથી બહાર પાડવામાં આવ્યા.

ઉપરની માહિતીને આધારે શેર જપ્તીની તથા જપ્ત થયેલા શેર ફરીથી બહાર પાડવાની આમનોંધ લખો.

(બ) માધવ કંપનીની માહિતી નીચે મુજબ છે. (૦૨)

| વિગત | રૂ. (રકમ) |
|---|---|
| ૧૦% ની રીડિમેબલ પ્રેફરન્સ શેર મૂડી | ૧૦,૦૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૪,૫૫,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૭૫,૦૦૦ |

કંપનીએ રિડિ. પ્રેફરન્સ શેર ૧૦% પ્રીમિયમે પરત કરવાનું નકકી કર્યું. પરત કરવાના હેતુથી રૂ.૧૦નો એક એવા ઈક્વિટી શેર ૫% વટાવે બહાર પાડયા નવા શેર બહાર પાડવાની આમનોંધ લખો.

(ક) વાસુદેવ કંપનીની માહિતી નીચે મુજબ છે. (૦૩)

| વિગત | (રૂ.) રકમ |
|---|---|
| મૂડી નફો | ૪,૪૦,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું (જમા) | ૧૫,૬૦,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૧,૬૦,૦૦૦ |
| મૂડી પરત અનામત | ૬,૪૦,૦૦૦ |
| ઈકીવટી શેર મૂડી, દરેક રૂ.૧૦૦નો ૮૦ રૂ. ભરપાઈ | ૮૦,૦૦,૦૦૦ |

કંપનીએ પોતાના અંશતઃ ભરાયેલ શેરને પૂર્ણ ભરપાઈ કરવા માટે જાહેર કર્યું કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

(ડ) સંયોજન – સમાવેશનો અર્થ સમજાવો. (૦૨)

/..૨../

૨. ખૂબ સૂરત કંપની લિમીટેડની સત્તાવાર મૂડી રૂા.૧૦૦નો એક એવા ૩૦,૦૦૦ ઈકિવટી શેરોમાં વહેંચાયેલી રૂા.૩૦,૦૦,૦૦૦ની છે. કંપનીએ જાહેર જનતા માટે ૫૦% ઈકિવટી શેર ૪૦%ના પ્રીમિયમે બહાર પાડયા. નાણાં નીચે પ્રમાણે મંગાવવામાં આવ્યા. (૧૪)

શેર અરજી સાથે – રૂા.૨૦ , શેર મંજૂરી વખતે – રૂા. ૭૦ (પ્રીમિ. સહિત) અને બાકીની રકમ – બે સરખા હપ્તામાં.

કંપનીએ બહાર પાડેલા શેર કરતાં બે ગણી અરજીઓ મળી, શેર અરજીની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવી.

પૂરેપૂરા શેર મંજૂર કર્યા – ૪,૦૦૦

અરજીના $^{1}/_{5}$ ભાગે શેર મંજૂર કર્યા – ૨,૦૦૦

અરજીના $^{2}/_{3}$ ભાગે શેર મંજૂર કર્યા – ૯,૦૦૦

બાકીની અરજીઓ નામંજૂર કરવામાં આવી અને અરજી સાથે મળેલ રકમ પરત કરવામાં આવી. શેર અરજી વખતે વધુ મળેલ નાણાં મંજુરી અને હપ્તા પેટે લેણી રકમ સામે જમા કરવામાં આવ્યા.

મહેતા કે જેના ૫૦૦ શેર પૂરેપૂરા મંજૂર કરવામાં આવ્યા હતા તેણે મંજૂરી વખતે જ હપ્તાઓની રકમ પણ ભરી દીધી.

દેસાઈ કે જેના $^{2}/_{3}$ ભાગે ૨૦૦ શેર મંજૂર કરવામાં આવ્યા હતા. તે મંજૂરીની રકમ ભરવામાં નિષ્ફળ ગયા. અને પ્રથમ હપ્તો મંગાવ્યા બાદ તેના શેર જપ્ત કરવામાં આવ્યા. જપ્ત કરેલા શેર , શેર દીઠ રૂા.૯૦ લેખે પૂર્ણ ભરપાઈ ગણીને ફરીથી બહાર પાડવામાં આવ્યા. ત્યારબાદ બીજો હપ્તો મંગાવવામાં આવ્યો. જે પૂરેપૂરો ભરપાઈ થઈ ગયો.

કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**<u>અથવા</u>**

૨. તા. ૩૧મી માર્ચનાં રોજ દિપાલી લિ.એ તેના રિડી.પ્રેફરન્સ શેર ૧૦%ના પ્રીમિયમે પરત કરવાનું નકકી કર્યું તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૪)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| ૧૦,૦૦૦ ૯%ના રિડી. પ્રેફ.શેર દરેક રૂા. ૧૦ના પૂરા ભરાયેલા | ૧,૦૦,૦૦૦ | કાયમી મિલકતો | ૨,૧૦,૦૦૦ |
| ૨૦,૦૦૦ ઈક.શેર દરેક રૂા.૧૦ના પૂરા ભરાયેલા | ૨,૦૦,૦૦૦ | ચાલુ મિલકતો | ૧,૪૫,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું | ૫૦,૦૦૦ | રોકાણો | ૧,૦૦,૦૦૦ |
| ડિવિ. સમતુલા ફંડ | ૨૦,૦૦૦ | બેંક સિલક | ૫૦,૦૦૦ |
| ૧૦%ના ડિબેંચર્સ | ૧,૦૦,૦૦૦ | | |
| પરચુરણ લેણદારો | ૩૫,૦૦૦ | | |
| | <u>૫,૦૫,૦૦૦</u> | | <u>૫,૦૫,૦૦૦</u> |

રિડી. પ્રેફ.શેર પરત કરવા માટે નીચે મુજબ નકકી કરવામાં આવ્યું.

(૧) અમુક રોકાણો ૧૦% નફાથી રૂા.૫૫,૦૦૦માં વેચવામાં આવ્યા.

(૨) રૂા.૪૦,૦૦૦ નફા–નુકશાન ખાતાની બાકી વધે એ રીતે કંપનીના ફંડનો પ્રેફ.શેર પરત કરવા માટે ઉપયોગ કરવો.

(૩) બાકીની જરૂરી રકમ મેળવવા રૂા.૧૦નો એક એવા શેર દીઠ રૂા.૨.૫૦ પ્રીમિયમે પૂરતા પ્રમાણમાં ઈક.શેર બહાર પાડવા.

પ્રેફ.શેરો પરત કરવામાં આવ્યા અને ઈક.શેરો પૂરેપૂરા ભરપાઈ થયા.

ઉપરોકત વ્યવહારો નોંધવા માટે આમનોંધ લખો. અને પરત ચૂકવણી પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

૩. દિપ લિ. અને જયોત લિ.ના તા. ૩૧–૩–૨૦૧૭ના રોજનાં પાકા સરવૈયા નીચે મુજબ છે. (૧૪)

| દેવાં | દિપ લિ. | જયોત લિ. | મિલકતો | દિપ લિ. | જયોત લિ. |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી દરેક રૂા.૧૦ના | ૧,૦૦,૦૦૦ | ૯૦,૦૦૦ | જમીન–મકાન | ૫૦,૦૦૦ | ૪૬,૫૦૦ |
| ૧૫%ની પ્રેફ.શેરમૂડી દરેક રૂા.૧૦ના | ૪૪,૦૦૦ | ૫૧,૦૦૦ | પ્લાન્ટ–મશીનરી | ૬૫,૦૦૦ | ૫૧,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૦,૦૦૦ | ૭,૫૦૦ | ફર્નિચર | ૧૧,૫૦૦ | ૧૦,૫૦૦ |
| નિકાસ નફા–અનામત | ૬,૦૦૦ | ૬,૦૦૦ | રોકાણો | ૨૫,૦૦૦ | ૨૮,૫૦૦ |
| રોકાણ વળતર ફંડ | –– | ૩,૦૦૦ | સ્ટોક | ૧૮,૦૦૦ | ૩૦,૯૦૦ |
| નફા–નુકશાન ખાતું | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ | દેવાદારો | ૧૪,૫૦૦ | ૧૫,૬૦૦ |
| ૧૩%ના ડિબેંચર્સ દરેક રૂા.૧૦૦નો | ૧૦,૦૦૦ | ૧૦,૫૦૦ | રોકડ–બેંક | ૧૪,૦૦૦ | ૧૫,૦૦૦ |
| ચાલુ જવાબદારી | ૧૩,૦૦૦ | ૧૫,૦૦૦ | | | |
| | ૧,૯૮,૦૦૦ | ૧,૯૮,૦૦૦ | | ૧,૯૮,૦૦૦ | ૧,૯૮,૦૦૦ |

અન્ય માહિતી :

દિપ લિ. તા. ૧–૪–૨૦૧૭ના રોજ જયોત લિ.ને લઈ લે છે. દિપ લિ. એ ખરીદ કિંમત નીચે મુજબ ચૂકવી આપી.

(૧) જયોત લિ.ના ઈક.શેર હોલ્ડરોને ૧૦,૫૦૦ ઈક.શેર દરેક રૂા.૧૦ના સરભર ભાવે આપ્યા.

(૨) જયોત લિ.ના પ્રેફ.શેર હોલ્ડરોને ૧૫%ના પ્રેફ.શેર દરેક રૂા. ૧૦૦ના ૧૦%ના પ્રીમિયમે આપવામાં આવ્યા.

(૩) જયોત લિ.ના ડિબેંચરને દિપ લિ.ના એટલી જ રકમના ડિબેંચર આપવા.

(૪) જયોત લિ.ની કાયદેસરની અનામતો ૩ વર્ષ સુધી ચાલુ રાખવાની છે.

દિપ લિ.ના ચોપડે સમાવેશ પછીનું પાકું સરવૈયું તૈયાર કરો. તથા જયોત લિ.ના ચોપડે માલ–મિલકત ખાતું તૈયાર કરો.

**અથવા**

૩. ચેતન લિ.નું પાકું નીચે મુજબ છે. (૧૪)

પાકું સરવૈયું

| જવાબદારીઓ | | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|---|
| ૩૦૦૦, ઈક. શેર દરેક રૂા.૧૦નો પૂરા ભરપાઈ | | ૩,૦૦,૦૦૦ | જમીન–મકાન | ૩,૦૦,૦૦૦ |
| ૨૦,૦૦૦ ૧૫%ના રિડીમેબલ પ્રેફ. શેર | | | મશીનરી | ૧,૦૦,૦૦૦ |
| દરેક રૂા.૧૦ નો | ૨,૦૦,૦૦૦ | | રોકાણો | ૫૦,૦૦૦ |
| – બાકી હપ્તો | ૫,૦૦૦ | ૧,૯૫,૦૦૦ | દેવાદારો | ૮૦,૦૦૦ |
| મૂડી અનામત | | ૧,૦૦,૦૦૦ | માલ સ્ટોક | ૯૦,૦૦૦ |
| સામાન્ય અનામત | | ૪૪,૦૦૦ | રોકડ / બેંક | ૧,૦૦,૦૦૦ |
| નફા–નુકશાન ખાતું | | ૨૦,૫૦૦ | | |
| બેંક લોન | | ૨૪,૦૦૦ | | |
| લેણદારો | | ૩૬,૫૦૦ | | |
| | | ૭,૨૦,૦૦૦ | | ૭,૨૦,૦૦૦ |

કાયદાની જરૂરી જોગવાઈઓનું પાલન કરી રિડીમેબલ પ્રેફરન્સ શેર ૧૦% પ્રિમીયમથી પરત કરવામાં આવ્યા. નાણા પરત કરતાં પહેલાં જે રિડીમેબલ પ્રેફરન્સ શેરના બાકી હપ્તા હતા તેમણે છેલ્લા હપ્તાના રૂા. ૨ ભરવાની નોટિસ આપવામાં આવી ફકત ૫૦૦ શેર ધારણ કરનારાઓએ નાણા ભર્યા. બાકીના શેર જપ્ત કરવામાં આવ્યા.

રિડીમેબલ પ્રેફ. શેરપરત કરવાના ઉદ્દેશથી સામાન્ય અનામતનો ઉપયોગ કર્યા પછી ડિરેકટરોએ ઓછામાં ઓછા (જરૂરી) ઈક્વિટીશેર બહાર પાડયા. શેરના નાણા પૂરેપૂરા મળ્યા. રોકાણો રૂા. ૪૭,૫૦૦માં વેચ્યા.

રિડીમેબલ પ્રેફ. શેરના નાણા પરત કર્યા પછીનું ડિરેકટરોએ ડિવિડન્ડ તરીકે ઉપલબ્ધ નહિ એવી અનામતનો પૂરો ઉપયોગ જૂના ઈક.શેર હોલ્ડરોને બોનસ આપવા કર્યો.

કંપનીના ચોપડે આમનોંધ લખો.

૪. ટૂંકનોંધ લખો. ( કોઈપણ ત્રણ) (૧૨)

૧. "સ્વેટ" ઈકિવટી શેર અંગે કંપની ધારાની જોગવાઈઓ

૨. જામીનગીરી પ્રીમિયમનાં વપરાશ અંગેની જોગવાઈઓ

૩. સંયોજનના હેતુઓ

૪. બોનસ શેર અંગે 'સેબી' (SEBI ) ના માર્ગદર્શક સૂચનો

૫. સંયોજનના હિસાબોની પધ્ધતિ વચ્ચેનો તફાવત

%%%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : નામા પધ્ધતિ અને કરવેરા–૩

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૫/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

૧. માંગ્યા મુજબ જવાબ આપો.

(અ) નીચેની માહિતી પરથી તા.૧–૮–૨૦૧૬ના રોજના વેચાણના વ્યવહારની આમનોંધ આપો : (૦૩)

| તારીખ | દાર્શનિક કિંમત (રૂા.) | ભાવ (રૂા.) | દલાલી | રીમાર્ક |
|---|---|---|---|---|
| ૧–૮–૨૦૧૬ | (?) | ૧૦૮ | ૧% | વેચાણ |

વ્યાજ દર વર્ષે ૩૦મી એપ્રિલ અને ૩૧મી ઓક્ટોબરના રોજ મળે છે. ઉપરોક્ત વેચાણના સોદાના ભાવમાં રૂા. ૧૫૦૦નું વ્યાજ સમાયેલ છે. વ્યાજનો દર વાર્ષિક ૧૨% છે.

(બ) શ્રી ધોની ભારતીય નાગરિક છે. અને ભારતીય કંપનીમાં તા.૧–૫–૨૦૧૨થી મેનેજર તરીકે છે. તેઓ નિયમિત કંપનીમાં કામ અર્થે અમેરિકાની મુલાકાતે જાય છે. છેલ્લા પાંચ વર્ષમાં તેમણે અમેરિકામાં ગાળેલા દિવસો નીચે મુજબ છે. (૦૪)

| | |
|---|---|
| ૩૧–૦૩–૨૦૧૩ | ૩૧૮ દિવસ |
| ૩૧–૦૩–૨૦૧૪ | ૧૫૦ દિવસ |
| ૩૧–૦૩–૨૦૧૫ | ૨૭૧ દિવસ |
| ૩૧–૦૩–૨૦૧૬ | ૩૧૦ દિવસ |
| ૩૧–૦૩–૨૦૧૭ | ૨૯૫ દિવસ |

આકારણી વર્ષ ૨૦૧૭–૧૮ માટે શ્રી ધોનીનો રહેઠાણનો દરજ્જો નકકી કરો. તા.૧–૫–૨૦૧૨ પહેલાં તેઓએ વિદેશની મુસાફરી કરી નથી.

(ક ) શ્રી વિરેન્દ્ર સહેવાગની નીચે જણાવેલ વિગત પરથી કલમ – ૫૪ એફ મુજબ આ.વ. ૨૦૧૭–૧૮ માટે કરમુકત મૂડી નફો શોધો. (૦૩)

તા. ૩૧–૭–૨૦૧૬નાં રોજ ગુજરાત સરકારના બોન્ડની ચોખ્ખી ઉપજ ૪૨,૫૦,૦૦૦ અને તેની સુધારેલી પડતર ૩૭,૬૫,૦૦૦ હતી.

તા.૧–૮–૨૦૧૬ના રોજ તેમણે ૨૫,૦૦,૦૦૦ નું રહેઠાણનું મકાન ખરીદવાનો કરાર કરી તે પેટે ફકત ૧૭,૦૦,૦૦૦ ચૂકવ્યા.

૨. વિરાટ પાસે ૧૨% ની સરકારી જામીનગીરી પર તા.૧–૪–૨૦૧૬ના રોજ ચઢેલ વ્યાજ રૂા.૨,૦૧૦ હતું . વ્યાજ તા.૩૦મી જૂન અને તા.૩૧મી ડિસેમ્બર ના રોજ મળે છે. ખરીદ વેચાણ પર ૧% દલાલી ગણવામાં આવે છે. જામીનગીરીની મૂડી કિંમત કરતાં તેની દાર્શનિક કિંમત તા.૧–૪–૨૦૧૬ના રોજ રૂા.૧૪,૨૭૧ ઓછી હતી. દલાલી તા.૧–૧૦–૨૦૧૬ના રોજ રૂા.૧,૦૭૦ થઈ. (૧૪)

| તારીખ | દાર્શનિક કિંમત | ભાવ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧–૭–૨૦૧૬ | ૫૦,૦૦૦ | ૧૦૪ | ખરીદી વ્યાજ બાદ |
| ૧–૧૦–૨૦૧૬ | (?) | ૧૦૭ | વેચાણ (તા.૧–૪–૨૦૧૬ પૈકી રૂા.૬૬,૦૦૦ તા. ૧–૭–૨૦૧૬ પૈકી બાકીના) |
| ૧–૧૧–૨૦૧૬ | ૧૪,૦૦૦ | ૧૦૫ | ખરીદી વ્યાજ બાદ |
| ૧–૩–૨૦૧૭ | ૩૦,૦૦૦ | ૧૧૦ | વેચાણ (તા.૧–૭–૨૦૧૬ પૈકી રૂા.૧૬,૦૦૦ અને તા. ૧–૧૧–૨૦૧૬ પૈકી રૂા. ૧૪,૦૦૦) |

તા. ૩૧–૩–૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષનું રોકાણ ખાતું તૈયાર કરો.

**અથવા**

૨. રવિન્દ્ર જાડેજા અને પાર્થિવ પટેલ ભાગીદારીમાં એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર ચલાવે છે. જેમાં બે વિભાગ છે, હોઝિયરી અને તૈયાર કપડાં તેના ચોપડેથી તા. ૩૧–૩–૨૦૧૭ના રોજ નીચેનું કાચું સરવૈયું બનાવવામાં આવ્યું. (૧૪)

કાચું સરવૈયું

| ખાતાનું નામ | ઉધાર રૂા. | જમા રૂા. |
|---|---|---|
| શરૂઆતનો સ્ટોક : હોઝિયરી | ૩૫,૦૦૦ | –– |
| તૈયાર કપડાં | ૪૮,૦૦૦ | –– |
| ખરીદી : હોઝિયરી | ૨,૦૦,૦૦૦ | –– |
| તૈયાર કપડાં | ૧,૬૦,૦૦૦ | –– |
| વેચાણ : હોઝિયરી | –– | ૩,૦૦,૦૦૦ |
| તૈયાર કપડાં | –– | ૨,૨૫,૦૦૦ |
| આવકમાલ ગાડા ભાડું | ૯,૦૦૦ | –– |
| ભાડું અને કરવેરા | ૩૮,૦૦૦ | –– |
| પગાર | ૨૪,૦૦૦ | –– |
| મજૂરી | ૫૪,૦૦૦ | –– |
| ફર્નિચર અને ફિટિંગ્સ | ૧૫,૦૦૦ | –– |
| સાચાં અને યંત્રો | ૯૦,૦૦૦ | –– |
| પરચૂરણ ખર્ચા | ૨૧,૦૦૦ | –– |
| વીજળી | ૬,૪૦૦ | –– |
| દેવાદારો | ૫૨,૦૦૦ | –– |
| લેણદારો | –– | ૧,૨૫,૦૦૦ |
| મૂડી ખાતું | –– | ૨,૨૦,૦૦૦ |
| ઉપાડ ખાતું | ૨૦,૦૦૦ | –– |
| આપેલ વટાવ | ૮,૪૦૦ | –– |
| મળેલ વટાવ | –– | ૨,૨૫૦ |
| જાહેરાત | ૧૩,૩૦૦ | –– |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | ૪,૮૦૦ | –– |
| બેંકમાં સિલક | ૭૦,૭૦૦ | –– |
| હાથ પર રોકડ | ૨,૬૫૦ | –– |
| | ૮,૭૨,૨૫૦ | ૮,૭૨,૨૫૦ |

વધારાની માહિતી નીચે મુજબ છે.

(૧) બંને વિભાગનો આખર સ્ટોક :
હોઝિયરી રૂા. ૮૫,૦૦૦ , તૈયાર કપડાં રૂા. ૬૦,૦૦૦

(૨) ફર્નિચર તથા સાચાં અને યંત્રો પર વાર્ષિક ૧૦% ઘસારો ગણો.

(૩) ફાળવણી માટે ઉપયોગી વિગતો નીચે પ્રમાણે છે.

| | હોઝિયરી | તૈયાર કપડાં |
|---|---|---|
| રોકેલી જગ્યા (ચો. ફૂટ) | ૨૪૦ | ૧૪૦ |
| વીજળીના પોઈન્ટ | ૧૮ | ૧૪ |
| ફર્નિચરની કિંમત | રૂા. ૯,૦૦૦ | રૂા. ૬,૦૦૦ |
| સાચાં અને યંત્રોની કિંમત | રૂા.૬૦,૦૦૦ | રૂા. ૩૦,૦૦૦ |
| પરચૂરણ ખર્ચનું પ્રમાણ | ૪ | ૩ |
| પગારની ખરેખર રકમ | રૂા. ૧૫,૦૦૦ | રૂા. ૯,૦૦૦ |

ઉપરની વિગતો પરથી તા. ૩૧–૩–૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષનાં બંને વિભાગોનાં ખાતાવાર વેપાર ખાતાં અને નફાનુકશાન ખાતાં તથા તે જ તારીખનું પાકું સરવૈયું તૈયાર કરો.

૩. હાર્દિક પંડયાની નીચેની માહિતી પરથી કલમ ૫૪ -EC મુજબ આ.વ. ૨૦૧૭–૧૮ માટે કરપાત્ર મૂડીનફો શોધો. (૧૪)

| મિલકતો | ખરીદ તારીખ | ખરીદ કિંમત | વેચાણ કિંમત | વેચાણ ખર્ચા |
|---|---|---|---|---|
| શહેરી જમીન | ૧–૧–૧૯૮૯ | ૧,૪૪,૯૦૦ | ૧૨,૨૨,૫૦૦ | ૧૦,૦૦૦ |
| રીલાયન્સ પાવર લિ.ના શેર | ૧–૧–૨૦૦૨ | ૨,૫૫,૬૦૦ | ૧૦,૮૭,૬૦૦ | ૧૨,૬૦૦ |
| ગુજરાત સરકારના બોન્ડ | ૮–૮–૨૦૦૮ | ૪,૦૭,૪૦૦ | ૧૧,૦૫,૦૦૦ | ૧૭,૫૦૦ |
| રીલાયન્સ પાવર લિ.ના ડિબેંચર | ૯–૯–૨૦૦૮ | ૬,૪૫,૪૫૫ | ૪,૫૫,૪૫૫ | |
| એલ. એન્ડ ટી. કંપનીના શેર | ૯–૯–૧૯૮૯ | ૧,૭૨,૦૦૦ | ૧૪,૧૦,૦૦૦ | |
| એલ.એન્ડ ટી. કંપનીના ડિબેંચર્સ | ૧૦–૮–૧૯૮૯ | ૫૦,૦૦૦ | ૪૦,૦૦૦ | |

ઉપરોકત તમામ મિલકતો તા.૩૧–૧૨–૧૬ના રોજ વેચી દીધી. એઈ.એન્ડ ટી. કંપની લિ.ની જામીનગીરી STT ને પાત્ર છે. તા. ૧–૧–૧૭ના રોજ NHAI નાં બોન્ડ ૩,૦૦,૦૦૦નાં ખરીદ્યા.

સૂચક આંક :

| | | | |
|---|---|---|---|
| ૧૯૮૮–૮૯ | ૧૬૧ | ૧૮૮૯–૯૦ | ૧૭૨ |
| ૨૦૦૧–૦૨ | ૪૨૬ | ૨૦૦૮–૦૯ | ૫૮૨ |
| ૨૦૧૬–૧૭ | ૧૧૨૫ | | |

**<u>અથવા</u>**

૩. (અ) શ્રી તેડુંલકર એ નીચેની મિલકતો ૨૦૧૬–૧૭માં વેચી. તેણીએ તા.૧–૧–૨૦૧૬ના રોજ નવું મકાન રૂા. ૨૮,૦૦,૦૦૦માં ખરીદ્યું તેણી પાસે અન્ય કોઈ પોતાનું રહેઠાણનું મકાન નથી. (૦૮)

| મિલકતો | ખરીદ તારીખ | વેચાણ તારીખ | પડતર કિંમત | વેચાણ કિંમત | વેચાણ ખર્ચ |
|---|---|---|---|---|---|
| પ્લોટ – "અ" | ૧–૧–૧૯૮૮ | ૧–૧૧–૨૦૧૬ | ૧,૮૦,૦૦૦ | ૨૫,૩૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| પ્લોટ – "બ" | ૨૧–૫–૨૦૧૩ | ૧–૦૫–૨૦૧૬ | ૧,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | –– |
| ઝવેરાત | ૧–૪–૧૯૭૮ | ૨૮–૦૩–૨૦૧૭ | ૫૦,૦૦૦ | ૨૫,૬૦,૦૦૦ | ૬૦,૦૦૦ |

ઝવેરાતની તા. ૧–૪–૧૯૮૧ના રોજ વ્યાજબી કિંમત રૂા. ૨,૦૦,૦૦૦ હતી. આકારણી વર્ષ ૨૦૧૭–૧૮ માટે કરપાત્ર મૂડી નફો શોધો.

સૂચક આંક :

| | | | |
|---|---|---|---|
| ૧૯૮૧–૮૨ | ૧૦૦ | ૧૯૮૭–૮૮ | ૧૫૦ |
| ૨૦૧૨–૧૩ | ૮૫૨ | ૨૦૧૬–૧૭ | ૧૧૨૫ |

(બ) જી. એસ. ટી. એટલે શું ? જી. એસટી.ના ફાયદા સમજાવો. (૦૬)

૪. ટૂંકનોંધ લખો. ( ગમે તે **ત્રણ**) (૧૨)

(૧) વ્યાજબાદ અને વ્યાજ સહિતના વ્યવહારો

(૨) ખેતીની આવક

(૩) કલમ–૫૪ મુજબ કરમુકત મૂડી નફા માટેની જોગવાઈઓ

(૪) પાછલું વર્ષ – આકારણી વર્ષ

(૫) આકસ્મિક આવક

%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : વાણિજ્ય સંચાલન –૩

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૩/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.
(૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.

૧. ટૂંકમાં જવાબ આપો. (૧૦)
(૧) માનવ સંસાધનો એટલે શું ?
(૨) માનવ સંપત્તિ અન્વેષણનો અર્થ જણાવો.
(૩) વ્યકિતત્વ વિકાસનો અર્થ સ્પષ્ટ કરો.
(૪) મજૂરસંઘની વ્યાખ્યા આપો.
(૫) લવાદી અને સમજાવટ વચ્ચે શું ભેદ છે ?

૨. (અ) માનવસંસાધન સંચાલનનું મહત્વ સમજાવો. (૦૭)
(બ) અધિકારી વિકાસની કામ બહારની પધ્ધતિઓની ચર્ચા કરો. (૦૭)

**<u>અથવા</u>**

૨. (અ) માનવ સંપત્તિ આયોજનનું મહત્વ સ્પષ્ટ કરો. (૦૭)
(બ) વ્યકિતત્વ વિકાસને અસર કરતાં પરિબળો જણાવો. (૦૭)

૩. મજૂરસંઘના અધિકારો સમજાવો (૧૨)

**<u>અથવા</u>**

૩. ઔદ્યોગિક ઝઘડાના વિવિધ સ્વરૂપોની ચર્ચા કરો. (૧૨)

૪. (અ) ટૂંકનોંધ લખો. ( કોઈપણ **<u>એક)</u>** (૦૬)
(૧) સંગઠનની દષ્ટિએ કારકિર્દી આયોજનના તબકકા
(૨) વ્યકિતત્વ વિકાસની બે પધ્ધતિઓ

(બ) કેસ સ્ટડી : (૦૮)

લવકુશ પેપર પ્રોડકટ્સ લિ. કંપની કામદારો ત્રણ પાળીમાં આવે છે. ૧૦૦૦ કામદારો કારખાનામાં કામ કરે છે. દરેક પાળીમાં ૫૦ ટેકિનશિયનો અને સુપરવાઈઝરો આવે છે.

કંપનીની ઓફિસમાં ૨૦ પટાવાળા , ૧૧૦ કલાર્ક અને ૨૨ અધિકારીઓ સેવા આપે છે. તહેવાર અને જાહેર રજાના દિવસોએ ઓફિસ બંધ રહે છે. ઉત્પાદનની પ્રક્રિયા સતત પ્રકારની હોવાથી કારખાનું બંધ રાખી શકાતું નથી. તહેવારના દિવસોએ કામદાર બહુ જ ઓછી સંખ્યામાં આવે છે. પરિણામે ઉત્પાદન પર વિપરિત અસર થાય છે.

દર વર્ષે આશરે ૫૦ કામદારો , ૪ ટેકિનશિયન –સુપરવાઈઝર અને ૪ કલાર્ક –અધિકારીઓ નિવૃત્ત થાય છે. નવી નિમણૂક કરતાં સરેરાશ ૪૫ દિવસ થાય છે. આથી બીજા કર્મચારીઓએ વધારાનું કાર્ય કરવું પડે છે.

નિવૃત્તિ ઉપરાંત રાજીનામાને કારણે દર વર્ષે ૩૦ કામદારો , ૧૦ સુપરવાઈઝર અને ૮ કલાર્ક –અધિકારીઓ કંપની છોડી દેતા હોય છે. રાજીનામાને કારણે ખાલી પડતી જગ્યા ભરવા માટે ૬૦ દિવસ થાય છે.

પ્રશ્નો : (૧) આ કંપનીનું માનવસંપત્તિ આયોજન યોગ્ય છે ? શા માટે ?
(૨) ઉપરોકત સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી માનવસંપત્તિ આયોજનની ટીકા સહિત ચર્ચા કરો

%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૨/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) અવેજ નાણાનો અર્થ ઉદાહરણ સહિત સમજાવો.

(૨) નાણાનો ચલણવેગ એટલે શું ?

(૩) આંશિક અને પૂર્ણ ફુગાવા વચ્ચે શો તફાવત છે ?

(૪) શાખ નિયંત્રણ એટલે શું ?

(૫) રેપોરેટ અને રિવર્સ રેપોરેટ એટલે શું ?

૨. (અ) નાણાના પુરવઠાના ઘટકો જણાવી તેને અસર કરતાં પરિબળોની ચર્ચા કરો. (૦૭)
(બ) નાણાના કાર્યો પર નોંધ તૈયાર કરો. (૦૬)

**<u>અથવા</u>**

૨. પ્રો. ફિશરનો નાણા પરિમાણનો સિધ્ધાંત ટીકાત્મક રીતે સમજાવો. (૧૩)

૩. ફુગાવો એટલે શું ? ફુગાવાની સમાજના વિવિધ વર્ગો પરની અસરો સમજાવો. (૧૩)

**<u>અથવા</u>**

૩. બેંકદર એટલે શું ? બેકદર નીતિની અસરકારકતા તપાસો. (૧૩)

૪. ટૂંકનોંધ લખો. ( ગમે તે **<u>બે</u>** ) (૧૨)
(૧) મધ્યસ્થબેંકના પ્રણાલિકાગત કાર્યો
(૨) નાણાનું મહત્વ
(૩) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ
(૪) રોકડપુરાંતના સિધ્ધાંતની મર્યાદાઓ

%%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : બેંકિંગ કાનૂન અને વ્યવહાર

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૬/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : (૧) પ્રશ્ન નં.૧ અને ૪ બ ફરજિયાત છે.
(૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧. ટૂંકમાં જવાબ આપો. (૧૦)
(૧) બેંકર ગ્રાહકનો દેવાદાર કે લેણદાર કયારે બને છે ?
(૨) ' ખાતું બંધ કરવું ' અને 'ખાતું સ્થગિત કરવું ' વચ્ચે પાયાનો તફાવત જણાવો.
(૩) વિનિમયપત્રનો અર્થ સમજાવો
(૪) જરૂરિયાત સમયનો ડ્રોઈ એટલે શું ?
(૫) ૧૯૪૯ બેંકિંગ નિયમનધારાના હેતુઓ જણાવો.

૨. (અ) બેંકરનો ગ્રાહકના સરભર કરવાનો અધિકાર સમજાવો. (૦૬)
(બ) ગ્રાહકના ખાતાં અંગેની ગુપ્તતા જાળવવા બાબતમાં અપવાદરૂપે સંજોગો કયા છે ? (૦૬)

**<u>અથવા</u>**

૨. બેંકર – ગ્રાહક સંબંધનો અંત આવવાની રીતો સમજાવો. (૧૨)

૩. (અ) ચેકની વ્યાખ્યા આપી તેનાં આવશ્યક તત્વોની ચર્ચા કરો. (૦૬)
(બ) હોલ્ડર (ધારણ કરનાર ) અને હોલ્ડર–ઈન–ડયુ કોર્સ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. (૦૬)

**<u>અથવા</u>**

૩. બેંકિંગ નિયમનધારાની શેરમૂડી અંગેની અને રિઝર્વ બેંકને મોકલવાના પત્રકો અંગેની જોગવાઈઓ સમજાવો. (૧૨)

૪. (અ) ટૂંકનોંધ લખો. ( ગમે તે <u>બે</u>) (૦૮)
(૧) કલેટનના કેસના નિયમો
(૨) બેંકો અને નીતિમત્તા
(૩) બેંકિંગ લોકપાલ
(૪) ટાંચનો હુકમ.
(બ) નીચેના સંજોગોમાં તમે બેંકર તરીકે તમે કેવી રીતે વર્તશો ? (૦૮)
(૧) તમારા ગ્રાહકના ખાતે રૂા. ૮૫,૦૦૦ જમા છે, જેની સામે રૂા.૫૫,૦૦૦નો ચેક લખેલ છે જે ચુકવણી માટે રજૂ થાય છે તે પહેલાં કોર્ટ દ્વારા રૂા.૧,૦૦,૦૦૦નો ટાંચ હુકમ થાય છે.
(૨) સુરત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૩૫ દિવસ માટે ધંધાકીય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમાં બારડોલીની બેંક ઓફ બરોડા ઓફિસ ખોલવા માંગે છે.

%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

# Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૩

વિષય : ઉચ્ચતર નામાપધ્ધતિ પેપર–૧

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......

તા. ૧૮/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

સૂચના : (૧) પ્રશ્ન નં.૧ ફરજિયાત છે.
(૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.
(૩) તમામ જરૂરી ગણતરી જવાબના ભાગરૂપે દર્શાવો.

૧. (અ) નીચે આપેલ માહિતી પરથી ગણતરી કરો. (૦૩)
(૧) આર્થિક વરદી જથ્થો (૨) વર્ષ દરમિયાન કેટલા ઓર્ડરઆપવા પડે (૩) બે ઓર્ડર વચ્ચેનો સમયગાળો
વાર્ષિક વપરાશ ૯૦૦૦ એકમો, એકમદીઠ કિંમત રૂ.૩૦ ઓર્ડર મૂકવાનો ખર્ચ રૂ.૧૫, વહત ખર્ચ ૧૦%

(બ) નીચે આપેલ માહિતી પરથી માલસામાન ફેરબદલી દર અને ફેરબદલી મુદત શોધો. (૦૩)

| | |
|---|---|
| શરૂઆતનો સ્ટોક | ૨૨૫૦૦ કિ.ગ્રા. |
| ખરીદી | ૯૦૦૦૦ કિ.ગ્રા. |
| આખરનો સ્ટોક | ૩૭૫૦૦ કિ.ગ્રા. |

(ક) સુરતની 'ભટાર ટ્રેડ' કંપની લિમિટેડ : (૦૪)

| | | |
|---|---|---|
| (૧) | ૨૦૧૬ની શરૂઆતના કામદારોની સંખ્યા | ૫૦૮ |
| (૨) | ૨૦૧૬ની અંતમાં કામદારોની સંખ્યા | ૪૯૨ |
| (૩) | ૨૦૧૬ દરમિયાન રાજીનામું આપી છૂટા થયેલા કામદારોની સંખ્યા | ૮ |
| (૪) | ૨૦૧૬ દરમિયાન બરતરફ કરેલા કામદારોની સંખ્યા | ? |
| (૫) | ૨૦૧૬ દરમિયાન નવા લીધેલ કામદારોની સંખ્યા | ૧૭ |

સંયુકત કામદાર ફેરબદલી દર ૧૦% છે તો વર્ષ દરમિયાન બરતરફ કામદારોની સંખ્યા શોધો.

૨. (અ) ત્રિવેણી લિ.ની નીચે આપેલ માહિતી પરથી શોધો. (૦૭)
(૧) પુનઃ વરદી સપાટી (૨) ગુરૂત્તમ સપાટી (૩) લઘુત્તમ સપાટી (૪) સરેરાશ સપાટી
(૫) સલામતી જથ્થો
વરદી જથ્થો ૧૨૦૦ એકમો

| વિગત | મહત્તમ | સરેરાશ | લઘુત્તમ |
|---|---|---|---|
| (૧) માલ મેળવતાં લાગતો સમય (અઠવાડિયા) | ૫ | ? | ૩ |
| (૨) વપરાશ (અઠવાડિક એકમો) | ? | ૭૦ | ૬૦ |

(બ) માનવ લિ.માં માલસામગ્રી "અ" ના વ્યવહારો (૦૭)

| ઓગષ્ટ – ૨૦૧૭ | વ્યવહાર | એકમો | કુલ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ખરીદી | ૨૫૦ | ૭,૫૦૦ |
| ૮ | ખરીદી | ૨૫૦ | ૧૦,૦૦૦ |
| ૧૩ | જાવક | ૨૦૦ | ફિફો |
| ૧૫ | ખરીદી | ૫૦૦ | ૨૫,૦૦૦ |
| ૨૧ | જાવક | ૩૦૦ | લિફો |
| ૨૩ | ખરીદી | ૩૦૦ | ૧૫,૦૦૦ |
| ૩૦ | જાવક | ૪૦૦ | ભારિત સરેરાશ |

તા. ૩૧–૮–૨૦૧૭ ના રોજ પૂરા થતા માસ માટે માલસામાનની સ્ટોર ખાતાવહી (સ્ટોક પત્રક) તૈયાર કરો.

**અથવા**

૨. (અ) એક કારખાનામાં 'અ' અને 'બ' એમ બે કામદારો છે. એક જો બ માટે પ્રમાણ સમય ૧૦૦ કલાક છે. કલાકદીઠ વેતન દર રૂા. ૮૦ છે. 'અ' અને 'બ' કામ પૂરું કરવામાં અનુક્રમે ૬૦ અને ૭૫ કલાકનો સમય લેતાં હોય તો (૧) સમય વેતન (૨) કાર્ય વેતન (૩) હેલ્સી યોજના અને (૪) રોવેન યોજના મુજબ તેમનું કુલ વેતન શોધો. (૦૭)

(બ) બારડોલી કોટન મિલ્સ લિ.ના કર્મચારી વિભાગમાંથી નીચે મુજબ માહિતી મળી છે તેના પરથી

(૧) નવા નિમાયેલા કામદારોને આધારે

(૨) છૂટા થયેલ કામદારોને આધારે

(૩) સંયુકત પધ્ધતિ મુજબ

(૪) સમકક્ષ વાર્ષિક દરના આધારે

મજુર ફેરબદલી દરની ગણતરી કરો.

| | |
|---|---|
| તા. ૧–૮–૨૦૧૭ ના રોજ કામદારોની સંખ્યા | ૯૫૦ |
| તા. ૩૧–૮–૨૦૧૭ના રોજ કામદારોની સંખ્યા | ૧૦૫૦ |
| રાજીનામું આપી છૂટા થયેલા કામદારોની સંખ્યા | ૧૦ |
| છૂટા કરેલ કામદારોની સંખ્યા | ૩૦ |
| ખાલી પડેલ જગ્યા પર નિમાયેલા કામદારો | ૨૦ |
| વિસ્તરણ યોજનાને કારણે નિમાયેલા કામદારો | ૧૨૦ |

૩. એકતા લિ.ના કારખાના વિભાગમાં પાંચ મશીન એક સરખા છે. કારખાનાનો વાર્ષિક ખર્ચ નીચે મુજબ છે. (૧૪)

| વિગત | રકમ રૂા. |
|---|---|
| ભાડું અને કરવેરા (યંત્રે રોકેલી જગ્યાના પ્રમાણમાં) | ૨૦,૦૦૦ |
| દરેક યંત્રનો ઘસારો | ૧,૨૦૦ |
| સમારકામ અને નિભાવ ખર્ચ | ૪,૦૦૦ |
| વપરાયેલ પાવર યુનિટ દીઠ રૂા. ૧ લેખે | ૧,૨૦,૦૦૦ |
| વીજળી દીવાબત્તી માટે | ૪,૦૦૦ |
| કામદારોની મજૂરી પાંચ યંત્ર માટે બે કામદારોની પગાર દરેકને માસિક | ૪,૦૦૦ |
| સુપરવિઝન : પાંચ યંત્રો માટે એક સુરપવાઈઝરનો માસિક પગાર | ૬,૦૦૦ |
| પરચુરણ માલસામગ્રી | ૧,૦૦૦ |
| ભાડે ખરીદનો હપ્તો (રૂા.૧૦૦૦ વ્યાજ સહિત) | ૧૦,૦૦૦ |

યંત્રમાં કલાકદીઠ ૧૦ યુનિટ પાવરનો વપરાશ થાય છે.

યાંત્રિક કલાકદરની ગણતરી કરો.

**અથવા**

૩. 'જયોતિ' કંપની યંત્રો બનાવે છે અને ૨૦૧૬ના વર્ષ દરમિયાન તૈયાર કરેલ ૨૦૦ યંત્રો અંગે નીચે મુજબ માહિતી આપવામાં આવી છે. (૧૪)

| વિગત | રકમ રૂા. |
|---|---|
| માલસામાનની પડતર | ૧,૮૦,૦૦૦ |
| પ્રત્યક્ષ મજૂરી | ૨,૦૦,૦૦૦ |
| પ્રત્યક્ષ ખર્ચ | ૭૦,૦૦૦ |
| ઉત્પાદન ખર્ચ | ૧,૫૦,૦૦૦ |
| વહીવટી ખર્ચ | ૨,૧૦,૦૦૦ |
| વેચાણ ખર્ચ | ૯૦,૦૦૦ |
| વેચાણ (બધા યંત્રો વેચ્યા) | ૧૨,૦૦,૦૦૦ |

૨૦૧૬ના વર્ષ માટે એવું અંદાજવામાં આવે છે કે ઉત્પાદન અને વેચાણ ૩૦૦ યંત્રોનું થશે તમને વધારાની માહિતી નીચે મુજબ આપવામાં આવી છે.

(૧) માલસામાનના ભાવમાં ૧૦% વધારો થશે.
(૨) પ્રત્યક્ષ મજૂરી ખર્ચ અને પ્રત્યક્ષ ખર્ચમાં એકમદીઠ ૨૦% વધારો થશે.
(૩) ઉત્પાદન ખર્ચા માલસામાન અને મજૂરીની સંયુકત પડતરના પ્રમાણમાં વધશે.
(૪) વહીવટી ખર્ચમાં રૂા.૩૬,૦૦૦ નો વધારો થશે.
(૫) વેચાણ ખર્ચા યંત્રદીઠ રૂા. ૫૦ લેખે વધશે.

૨૦૧૬ના વર્ષમાં વેચાણ કિંમત પર જે દરે નફો મળ્યો હતો તે દરે નફો મેળવવા માટે યંત્ર કઈ કિંમતે વેચવું જોઈએ તે દર્શાવતું પડતરનું પત્રક તૈયાર કરો.

૪. ટૂંક નોંધ લખો. ( કોઈપણ **<u>ત્રણ</u>** ) (૧૨)

(૧) પરોક્ષ ખર્ચાઓ અંગેના સામાન્ય સિધ્ધાંતો
(૨) પડતર હિસાબી પધ્ધતિની મર્યાદા
(૩) ટેન્ડર કિંમત
(૪) પડતરના હિસાબો અને નાણાંકીય હિસાબોનો નફો જુદો હોવાના કારણો
(૫) ઓવર ટાઈમ

%%%%%%%%

Managed by Jivan Jyot Trust , Amroli
GIA – B.A. / B.Com./ M.A./M.Com.
SFI – B.B.A. / B.C.A./ B.Com.
Additional SFI Division (Women's) B.Com.

## Internal Test- September- 2017

બી.કોમ. સેમેસ્ટર–૩
વિષય : આંકડાશાસ્ત્ર પેપર–૩

સમય : ૮.૦૦ થી ૧૦.૦૦ બેઠક નં.......
તા. ૧૬/૦૯/૨૦૧૭ ગુણ : ૫૦

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (૧૦)

(૧) બે સ્વતંત્ર ચલો x અને y માટે $E(x) = 9$ , $E(y) = 3$ $V(x) = 5$ , $V(y) = 1$ હોય તો $E(3x + 4y)$ અને $E(x + y)^2$ શોધો.

(૨) એક વ્યકિત એક અનભિનત પાસો ઉછાળે છે અને પાસા ઉપર જે અંક મળે તેનાથી બમણી રકમ તે વ્યકિત મેળવે છે. તે વ્યકિતને મળતી રકમ માટે ગાણિતિક અપેક્ષા શોધો.

(૩) જો $A = \begin{pmatrix} x & -5 & a \\ b & y & 8 \\ 3 & c & z \end{pmatrix}$ જ્યાં A વિસંમિત શ્રેણિક હોય તો x,y,z,a,b,c ની કિંમત શોધો.

(૪) પ્રચલિત સંકેતો અનુસાર જો $l_{60} = 93100$, $l_{65} = 92040$ , $l_{70} = 91580$ હોય તો નીચેની સંભાવના શોધો.
(અ) ૬૦ વર્ષની વ્યકિત ૧૦ વર્ષ વધુ જીવે (બ) ૬૦ વર્ષની વ્યકિત ૫ વર્ષમાં મૃત્યુ પામે તેની સંભાવના શોધો

(૫) એક શહેરની કુલ વસ્તી ૩ લાખ છે. તેમાંથી સ્ત્રીઓની વસ્તી ૫૦% છે. કુલ સ્ત્રીઓમાંથી ૫૦% સ્ત્રીઓ પ્રજનનવય ધરાવે છે. જો સામાન્ય પ્રજનનદર ૪૦ હોય તો એક વર્ષમાં કેટલા બાળકોનો જન્મ થાય ?

૨. (અ) નીચેના સંભાવના વિધેય પરથી (i) $E(3x+5)$ (ii) $V(2x-3)$ ની કિંમત શોધો. (૦૬)

| xi | -1 | 0 | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|---|---|
| P(xi) | 0.04 | 0.16 | 0.33 | 0.29 | 0.11 | 0.07 |

(બ) નીચે આપેલ સંભાવના વિતરણ માટે Kની કિંમત શોધો તેમજ અપેક્ષિત મૂલ્ય અને વિચરણ શોધો. (૦૪)

| xi | 0 | 1 | 2 | 3 |
|---|---|---|---|---|
| P(xi) | 0.1 | 2K | 3K | 4K |

(ક) જો $A = \begin{bmatrix} 3 & 1 \\ 2 & 4 \end{bmatrix}$ $B = \begin{bmatrix} 5 & 6 & 0 \\ 0 & 1 & 2 \end{bmatrix}$ હોય તો સાબિત કરો કે $(AB)^T = B^T A^T$ (૦૪)

**<u>અથવા</u>**

૨. (અ) એક બાસ્કેટમાં ૪ લાલ અને ૨ સફેદ ફૂલો છે. તેમાંથી ૨ ફૂલો યદચ્છ રીતે લેવામાં આવે છે. કોઈ એક વ્યકિત દરેક સફેદ ફૂલ માટે ૪ રૂપિયા મેળવે છે. અને દરેક લાલ ફૂલ માટે ૪ રૂપિયા ચૂકવે છે. તો તે વ્યકિતને મળતી રકમની ગાણિતિક અપેક્ષા શોધો. તેમજ તેનું વિચરણ પણ શોધો. (૦૬)

(બ) નીચેના સમીકરણોની મદદથી વ્યસ્ત શ્રેણિકની મદદથી ઉકેલ મેળવો. (૦૮)

$$x + 2y + 3z = 5$$
$$2x + 3y + 4z = 8$$
$$3x + 5y + 6z = 10$$

૩. (અ) નીચેની માહિતી પરથી બે શહેરો વચ્ચે આરોગ્ય વિષયક સરખામણી કરો. (૧૦)

| ઉંમર | શહેર – A | | શહેર – B | | |
|---|---|---|---|---|---|
| | વસ્તી(હજારમાં) | મૃત્યુ સંખ્યા | વસ્તી(હજારમાં) | મૃત્યુ સંખ્યા | પ્રમાણિત વસ્તી (હજારમાં) |
| 0-5 | 6 | 240 | 8 | 320 | 4 |
| 5-25 | 20 | 360 | 35 | 700 | 32 |
| 25-45 | 22 | 264 | 20 | 240 | 25 |
| 45-60 | 14 | 280 | 17 | 238 | 13 |
| >60 | 8 | 256 | 5 | 220 | 6 |

(બ) નીચેની જીવન કોષ્ટકને પૂર્ણ કરો. (૦૪)

| ઉંમર | lx | dx | $q_x$ | Lx | Tx | $e_x^0$ |
|---|---|---|---|---|---|---|
| 40 | 82,000 | 100 | ? | ? | 4042200 | ? |
| 41 | ? | 80 | ? | 81860 | ? | ? |

**અથવા**

૩. (અ) નીચેની માહિતી પરથી કુલ અને ચોખ્ખો પુનઃ પ્રજોત્પતિદર શોધો. NRR ની કિંમત પરથી વસ્તીવૃધ્ધિદરનું અર્થઘટન કરો. (૦૭)

| વય – જૂથ (વર્ષમાં) | સ્ત્રીઓની સંખ્યા (હજારમાં) | જીવીત જન્મોની સંખ્યા | મરણ પ્રમાણ (દર હજારે) |
|---|---|---|---|
| 11-15 | 80 | 2400 | 31 |
| 16-20 | 70 | 14,000 | 33 |
| 21-25 | 72 | 16,000 | 37 |
| 26-30 | 68 | 18,000 | 47 |
| 31-35 | 75 | 5100 | 42 |
| 36-40 | 70 | 1400 | 48 |
| 41-45 | 50 | 100 | 58 |

જન્મોમાં નર અને નારીનું પ્રમાણ ૫૫:૪૫ છે.

(બ) નીચેની માહિતી પરથી CBR , GFR , TFR તથા GRR શોધો. શહેરની કુલ વસ્તી ૧૦ લાખ છે. કુલ ૧૦,૦૦૦ જન્મેલા બાળકોમાં ૫૫૦૦ છોકરીઓ છે. (૦૭)

| ઉંમર | 16-20 | 21-25 | 26-30 | 31-35 | 36-40 | 41-45 | 46-50 |
|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રીઓની સંખ્યા('000) | 16 | 15 | 14 | 13 | 12 | 11 | 10 |
| જીવીત બાળકોની સંખ્યા | 400 | 1725 | 2100 | 1560 | 1080 | 440 | 50 |

૪. ટૂંકનોંધ લખો ( ગમે તે **ત્રણ**) (૧૨)

(૧) જીવન કોષ્ટક

(૨) વસ્તીવિષયક આંકડાઓનો અર્થ અને મહત્વ

(૩) શ્રેણિક અને નિશ્ચાયક વચ્ચેનો તફાવત જણાવો

(૪) નીચેના પદોની વ્યાખ્યા આપો. (૧) અસતત સંભાવના વિતરણ (૨) ગાણિતિક અપેક્ષા

%%%%%%